# જસમા માટી થોડી રે ઊપાડ

(ફિલ્મઃ  સતી જસમા ઓડણ)

જસમા માટી થોડી રે ઊપાડ, કેડયોના લંક લળી જશે રે
ઘેલા રાજા ઘેલું ના બોલ, અમારી કેડયો તો ગજવેલડી રે
ચંદન કેરા ઢોલિયે, તારી કાજે જડાવું મોતી
ઝૂંપડીમાં આ રૂપ ન સોહે તું મહેલોની જ્યોતિ,
તડકે તન તપી બળી રે જશે, કેડયોના લંક લળી જશે રે
જસમા માટી થોડી રે ઊપાડ...
રૈયત કેરા પાલનહારા, સત અભડાશે તારું,
જે આંખોમાં પાપ વહે, એ આંખોમાં અંધારું.
તારું રે તન તને છળી રે જશે
રાજા ગુમાન તારા ગળી રે જશે
જસમા માટી થોડી રે ઊપાડ...
જ્વાળાથી રમનાર દાઝે, દાઝૂં તો જસમાને કાજે,
રાજાને આ વેણ ના છાજે, રૂપનાં ઘેન ઉતારો આજે,
સિંહાસન પાટણનું લાજે, સમજો લાજ મૂકી સિદ્ધરાજે,
માથે કાળ-નગારાં ગાજે, થાય ભલે થવાનું આજે,
રાજા ગુમાન તારું ગળી રે જશે
જસમા માટી થોડી રે ઊપાડ...

------